# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી.વિભાગ

## <u>અખબારી યાદી</u>

**દિવાળીબાગ કોમ્યુનીટી હોલ, દિવાળી બાગ સોસાયટીની સામે, ઋષભ ચાર રસ્તા, અડાજણ, સુરત ખાતે મહાનગરપાલિકા ધ્વારા "PMSVANidhi સ્નેહમિલન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.**

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય, ભારત સરકારશ્રી ધ્વારા શહેરી શેરી ફેરિયાઓની આજીવિકા અને વ્યવસાય માટે વર્કીંગ કેપિટલ લોન બેન્કોના માધ્યમથી મળી રહે તે માટે પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (PMSVANidhi) યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ખાતે અમલીકરણ કરવામાં આવેલ છે. જે અનુસંધાને તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાક દરમ્યાન દિવાળીબાગ કોમ્યુનીટી હોલ, દિવાળી બાગ સોસાયટીની સામે, ઋષભ ચાર રસ્તા, અડાજણ, સુરત ખાતે "PMSVANidhi સ્નેહમિલન" કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું.

"PMSVANidhi સ્નેહમિલન" કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે દીપ પ્રાગટ્ય સંપન્ન કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. "PMSVANidhi સ્નેહમિલન" કાર્યક્રમ"માં ઉપસ્થિત મા.ડે.મેયરશ્રી ડૉ. નરેન્દ્ર પાટીલે આવકાર પ્રવચન આપતા જણાવેલ કે, PMSVANidhi યોજના થકી સુરત શહેરના શહેરી શેરી ફેરિયાઓને રૂ.૧૦,૦૦૦/-, ૨૦,૦૦૦/- તેમજ ૫૦,૦૦૦/- નું ધિરાણ મેળવી આર્થિક રીતે પગભર થઇ પરિવારના જીવનમાં ઘણો બધો બદલાવ આવેલ છે. તેમજ સુરત શહેર "સ્વચ્છ ભારત અભિયાન" હેઠળ પ્રથમ નંબર મેળવે તે માટે લોક ભાગીદારી ધ્વારા સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી. "PMSVANidhi સ્નેહમિલન" કાર્યક્રમમાં અધ્યક્ષ શ્રીમતી દર્શનાબેન જરદોશ (માન કેન્દ્રીય મંત્રીશ્રી, વસ્ત્ર અને રેલ્વે મંત્રાલય, ભારત સરકાર ) પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવેલ કે, કેન્દ્ર સરકાર ધ્વારા અનેકવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જે પૈકી PMSVANidhi યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા કક્ષાએ ત્રણ તબક્કા હેઠળ શહેરી શેરી ફેરીયાઓને ધિરાણ આપવામાં આવેલ તેમજ ડીજીટલ ટ્રાન્ઝેક્શન પર કેશબેક પણ લાભાર્થીઓને સારા એવા પ્રમાણમાં મળેલ છે જે ખરેખર ખુશીની વાત ગણાય. ધંધા રોજગારના વિકાસ અર્થે લોન મેળવેલ શહેરી શેરી ફેરીયાઓ ઉતરો ઉત્તર પ્રગતિ કરેલ છે. વધુમાં તેઓ ધ્વારા PMSVANidhi યોજના સફળ બનાવવામાં ધિરાણ આપનાર તમામ બેંકોની સરાહના કરેલ. કાર્યક્રમમા ઉપસ્થિત મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજન પટેલ, મા. ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, મા. શાશકપક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, મા.દંડકશ્રી ધર્મેશભાઈ વાણીયાવાળા તથા સુરત મહાનગરપાલિકાના વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓએ ઉપસ્થિત રહ્યા હતા.

"PMSVANidhi સ્નેહમિલન" કાર્યક્રમ ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા યોજના અંતર્ગતના લાભાર્થીઓ સાથે સંવાદ કરી ધંધા રોજગારમાં મેળવેલ લોન થકી લાભાર્થીઓને સામાજિક/ આર્થિક રીતે જીવન ધોરણમાં આવેલ પરિવર્તન અંગે પ્રતિભાવ રજુ કરવામાં આવેલ. તેમજ કઠપુતળીશોના માધ્યમથી લાભાર્થીઓ અને તેઓના પરિવારજનોને સરકારશ્રીની યોજનાની જાણકારી આપવામાં આવી હતી. યોજના અંતર્ગતના લાભ મેળવેલ શહેરી શેરી ફેરિયાઓના બાળકોના અભ્યાસ, કલા, વિગેરે ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓની વિગતો રજુ કરી સમાજમાં શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડવામાં આવેલ. તેમજ PMSVANidhi યોજના અંતર્ગતના શહેરી શેરી ફેરિયાઓની વધુ અરજીઓ મંજુર કરેલ બેંક/ શાખાને ટ્રોફી એનાયત કરવામાં આવેલ. તેમજ ડીજીટલ ટ્રાન્ઝેક્શન કરનાર, નિયમિત હપ્તાની ભરપાઈ કરનાર, કેશબેક મેળવેલ હોય તેવા સારી કામગીરી કરનાર શહેરી શેરી ફેરિયાઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવેલ. તેમજ "PMSVANidhi સ્નેહમિલન" કાર્યક્રમ દરમ્યાન લાભાર્થી તેમજ તેમના પરિવારજનો માટે સાંસ્કૃતિક તેમજ મ્યુઝીકલ કાર્યક્રમમાં શહેરી શેરી ફેરિયાઓના બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓના આયોજન થકી મનોરંજન પૂરું પાડવામાં આવેલ. તેમજ મહાનુભાવો સાથે શહેરી શેરી ફેરિયાઓએ ભોજનનો રસાસ્વાદ માણી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૪૦૪
તા. ૦૨/૧૨/૨૦૨૩




अमृत महोत्सव
Surat
FIT INDIA
પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ
આત્મનિર્ભર
શેરી ફેરીયાઓનો
સ્નેહમિલન
કાર્યક્રમ




SWACHH SURVEKSHAN 2023
Surat SMART CITY
FIT INDIA
પ્રધાનમંત્રી
વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ
આવો, પરિવાર સાથે કાર્યક્રમનો આનંદ ઉઠાવો
સુરત.